





અરવલ્લી જિલ્લાના ભિલોડા નજીક આવેલા ભટોળા ગામે ૧૦ દિવસ અગાઉ જમીનના ઝઘડામાં કુહાડીના ઘા મારી રમેશભાઈ ફનાત નામના શખ્સનું ખૂન કરી નાખ્યુ હતુ. મોતની ઘટના બન્યા બાદ આ ખૂની અંજામના મામલે ભટોળા ગામના રણછોડભાઈ ડામોરના ઘરના આંગણમાં મૃતકના પરિવારજનોએ મૃતદેહ ખાડો ખોડી દાટી દીધી હતી. આ બનાવમાં ડામોર પરિવારની કોઈ જ સંડોવણી ન હોવા છતાં પોલીસે આરોપી તરીકે ડામોર પરિવારના વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધી જેલ ભેગા કર્યા બાદ આ પરિવારની મહિલાઓએ ભેગા થઈ મૃતકનો મૃતદેહ બહાર કાઢી નિષ્પક્ષ અને ન્યાયિક તપાસ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ સાથે જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલને ગુરૂવારે અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીએ મોટી સંખ્યામાં મહિલાઓએ ઉપસ્થિત રહી આવેદનપત્ર આપ્યુ હતુ.

# તુવેરદાળના ભાવમાં ઓગષ્ટના અંત સુધીમાં ક્રમશઃ ઘટશે

ગાંધીનગર, તા. ૧૫

અન્ન, નાગરિક પુરવઠા મંત્રી, ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ જણાવ્યું છે કે રાજ્યના પ્રજાજનોને તુવેરદાળ સસ્તા ભાવે મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ત્યારે આગામી ઓગષ્ટ માસના અંત સુધીમાં તુવેરદાળના ભાવમાં ક્રમશઃ ઘટાડો થશે.

આજે ગાંધીનગર ખાતે તુવેરદાળના ઉત્પાદકો તથા જથ્થાબંધ વિક્રેતાઓ સાથે મળેલ બેઠકમાં મંત્રીએ કહ્યું હતું કે, સમગ્ર દેશમાં જ્યારે ગત સપ્ટેમ્બરથી તુવેરદાળના ભાવ રૂ. ૧૮૦ હતા ત્યારે રાજ્ય સરકારના હકારાત્મક પ્રયાસો તથા તુવેરદાળના ઉત્પાદકોના સહયોગથી સમગ્ર દેશમાં ગુજરાતે રૂ. ૧૩૫ પ્રતિ કિલો તુવેરદાળ રાજ્યના લોકોને આપી છે અને આજે પણ આપી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે આગામી સમયમાં આવી રહેલા તહેવારોને ધ્યાને લઈને લોકોને દાળ સસ્તી મળી રહે તે માટે આજે આ બેઠકમાં લાંબાગાળાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેમાં આગામી દિવસોમાં તુવેરદાળના ભાવ વધે નહી અને જળવાઈ રહે તેમજ ક્રમશઃ ઘટે તેવી વિક્રેતાઓ દ્વારા તત્પરતા દર્શાવવામાં આવી હતી.

# ડીસા તાલુકા ભાજપ દ્વારા ઢુવા ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ડીસા તાલુકાના ઢુવા ગામની પ્રાથમિક શાળા ખાતે શુક્રવારે ડીસા તાલુકા ભાજપ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડીસા તાલુકા ભાજપના હોદેદારો, ગ્રામજનો અને વિદ્યાર્થી ભાઈ-બહેનોએ વૃક્ષોના ઉછેર માટે સંકલ્પ લીધા હતા.

દેશભરમાં વૃક્ષોની સંખ્યા ઘટતી જઈ રહી છે જેના લીધે હવામાનમાં પણ ભારે બદલાવ જોવા મળી રહ્યો છે. વૃક્ષ વિનાનું જીવન નકામું સુત્રને સાર્થક કરવાના શુભ આશયથી સરકાર દ્વારા વધુમાં વધુ વૃક્ષો વાવવા માટે પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવે છે. ત્યારે ડીસા તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ ડીસા તાલુકાના ઢુવા ગામની પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મંત્રી અને ડીસા તાલુકા ભાજપ પ્રભારી કિર્તીસિંહ વાઘેલા, સહ પ્રભારી દિનેશભાઈ પટેલ, બનાસકાંઠા જીલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજી ઠાકોર, મહામંત્રી બાબરસિંહ વાઘેલા,



રમેશભાઈ દેસાઈ, જીલ્લા યુવા ભાજપ મંત્રી અને બનાસ બેંકના વાઈસ ચેરમેન જીગરભાઈ દેસાઈ તેમજ જીલ્લા પંચાયત સદસ્ય બળવંતસિંહ વાઘેલાના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડીસા તાલુકા ભાજપ ઉપપ્રમુખ જામભા વાઘેલા, મેવાભાઈ મોદી, પ્રહલાદસીંગ સોલંકી, વિજુભા વાઘેલા, ડીસા તાલુકા પંચાયત ઉપપ્રમુખ જોઈતાભાઈ પટેલ, નાગજીભાઈ દેસાઈ (રસાણા), પૂર્વ મહામંત્રી એન.સી.માળી, પૂર્વપ્રમુખ ડાયાજી ઠાકોર, ચમનજી ઠાકોર, જોગાભાઈ દેસાઈ, અભેસીંગ ઠાકોર, પ્રકાશભાઈ ઠાકોર, પનસીંગ સોલંકી, રૂપાભાઈ પટેલ, જયંતિભાઈ પુનડીયા, ઢુવા ગામના સરપંચ, પ્રાથમિક શાળાના આચાર્ય દશરથભાઈ સુથાર સહિત કાર્યકરો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મોડાસા ખાતે સરપંચોનું સંમેલન યોજાયું

મોડાસા, તા. ૧૫

મોડાસા ટાઉન હોલ ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઉપક્રમે મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે ત્રણ તાલુકાના સરપંચોનું સંમેલન યોજવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ સંમેલનમાં ત્રણેય તાલુકાના સરપંચો, તલાટીઓ, તાલુકા પ્રમુખો, આંગણવાડી વર્કર વિસ્તૃત માહિતી સરપંચો તેમજ તલાટીઓ તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા માહિતી મેળવી શકાશે.

સરપંચોના સંમેલનમાં



સરપંચોના સંમેલનમાં ગ્રામ કક્ષાએ ગ્રામજનોએ નવી યોજનાઓની માહિતી પુરી પાડવામાં આવી હતી અને ગુજરાત સરકારની યોજનાઓ જેવી મિશન મંગલમ, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) સ્વચ્છ ભારત મિશન, મહાત્મા ગાંધી તેમજ આશા વર્કર પણ આ યોજનાની માહિતીનો લાભ લીધો હતો. સરપંચોના સંમેલનમાં કલેક્ટરે જિલ્લા ગ્રામ વિકાસની વિસ્તૃત માહિતી આપી હતી. જિલ્લા વિકાસ અધિકારીઓ પણ આ યોજનાનો ગ્રામ્ય સ્તર સુધી લોકોને પહોંચે તેવી કમિશનર ગ્રામ વિકાસ ગાંધીનગર, અરવલ્લી જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી તેમજ અરવલ્લી જિલ્લાના પ્રાયોજના અધિકારી તેમજ અન્ય પદાધિકારીઓ આ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા.

# હાર્દિક પટેલનું પાલનપુરમાં હાર્દિક સ્વાગત કરાશે

પાલનપુર, તા. ૧૫

પાટીદાર સમાજ માટે અનામતની માંગણી કરી રહેલા હાર્દિક પટેલને સરકાર દ્વારા આંદોલનને કચડી નાખવા ખોટો રાજદ્રોહનો કેસ બનાવી નવ નવ માસ જેલમાં ગોંધી રાખી લોકશાહીને હત્યા કરાયેલ કોર્ટ દ્વારા જામીન અપાતા હાર્દિક પટેલ મુક્ત થતા તા. ૧૭ના સવારે વિરમગામથી નીકળી, પાલનપુરમાં બપોરે ૧ કલાકે મોટી સંખ્યામાં વાહનોના કાફલા સાથે આવી પહોંચશે. લક્ષ્મીપુરા ખાતે ઉમીયામાતાના દર્શન કરશે ત્યાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ લાલ બંગલા જિલ્લા પંચાયત પાસે તેમજ ગુરૂનાનક ચોક ખાતે પાટીદાર સમાજ તેમજ સવર્ણ સમાજ તેમજ વિવિધ સમાજો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

હાર્દિક પટેલની આગેવાનીમાં પાટીદાર સમાજ, બ્રહ્મસમાજ, ક્ષત્રીય સમાજ સહિત વિવિધ સમાજના આંદોલન સામે જુકી સરકાર દ્વારા ૧ હજાર કરોડનું પેકેજ તેમજ ૧૦ ટકા આર્થિક અનામત અપાવવામાં હાર્દિક પટેલનું અમુલ્ય યોગદાન છે. તે માટે સ્વર્ણ સમાજ આભારી છે. સ્વર્ણ સમાજ અને બ્રહ્મ સમાજ દ્વારા હાર્દિક પટેલનું પરશુરામ ભગવાનની ફરસી આપી સ્વાગત કરાશે તેમ બનાસકાંઠા જિલ્લાના પાસ કન્વીનર શિવરામભાઈ ફોસી, ભાવેશભાઈ પટેલ તેમજ સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાત રાજ્યના પ્રમુખ શૈલેષ જોષીએ જણાવ્યુ છે.

# એક કરોડ એલઈડી બલ્બ વેચવામાં ગુજરાત સૌથી ઝડપી રાજ્ય બન્યું

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત સરકારની ઉન્નત જ્યોતી બાય એફોરડેબલ એલઈડી ફોર ઓલ (ઉજાલા) સ્કીમ હેઠળ ગુજરાત ૫૦ દિવસમાં ૧ કરોડ એલઈડી બલ્બ વિતરણ કરી દેશનું સૌથી ઝડપી કરનારૂ રાજ્ય બન્યું છે. ઉજાલા સ્કિમ હેઠળ ગુજરાતના ૨૦ લાખથી વધુ ઘરોને લાભ મળી રહ્યો છે, જેમાં ૯ વૉટ, એલઈડી બલ્બ્સ રાજ્યમાં વિતરણ કરવામાં આવી રહ્યાં છે. એનર્જી એફીસીયન્સી સર્વિસીસ લીમીટેડ (ઈઈએસએલ), ભારત સરકારના ઉર્જા મંત્રાલયના સંચાલન હેઠળની એક સંયુક્ત સાહસ કંપની આ સ્કિમને અમલી બનાવી રહી છે. ઈઈએસએલ અંદાજીત દરરોજના ૨.૫ લાખ બલ્બનું વિતરણ કરી રહી છે.

આ ઉર્જા બચત બલ્બ કોઈ પણ ટેકનીકલ ખામી બદલ ૩ વર્ષ સુધીમાં વિના મુલ્યે બદલી આપવાની ખાતરી સાથે આવે છે. આ બલ્બ પ્રાપ્ત કરવા, ગ્રાહકો પાસે રૂ. ૭૦ ચુકવીને લેવાનો એક સીધો વિકલ્પ છે અથવા તેઓ ઈએમઆઈ પર રૂ. ૭૫ ચુકવવાનો વિકલ્પ પણ પસંદ કરી શકે છે જેમાં આશરે રૂ. ૨૦ ૨ મહિને મળતાં વીજળી બીલમાં ૪ મહિના સુધી ઉમેરવામાં આવશે. પ્રત્યેક એલઈડી બલ્બ પર દર વર્ષે તેમના બિલમાં રૂ. ૩૩૬ સુધીની બચત કરે છે અને માત્ર ૩ જ મહિનામાં એલઈડી બલ્બ વપરાશકર્તા માટે મફત બની જાય છે.





# ખેડા જિલ્લા ભાજપના પ્રશિક્ષણ વર્ગનો વડતાલમાં પ્રારંભ

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સમગ્ર રાજ્યમાં પ્રશિક્ષણ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે જેના ભાગસ્વરુપે ખેડા જિલ્લામાં ૨૦ મડંલોમાં પ્રશિક્ષણ વર્ગો યોજાયા હતા ત્યારબાદ આજે વડતાલ ખાતે જિલ્લા કક્ષાના ચુનંદા કાર્યકરોના સથવારે એક વિશાળ પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે વક્તાપદે ઉપસ્થિત રાજ્ય સરકારના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાએ કાર્યકર્તાઓને ભાજપનો ઈતિહાસ અને સાર્વત્રિક વિકાસ અંગેનો ખ્યાલ આપતા જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ભાજપે સત્તાનું સુકાન સંભાળ્યું છે ત્યારે કાર્યકરની જવાબદારી ખુબ જ મોટી બની છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગરીબ અને તમામ વર્ગના પ્રજાજનો માટે જે યોજનાઓ અમલી બનાવી છે તેનો લાભ દરેક વ્યક્તિને પ્રાપ્ત થાય અને દરેકના જીવનનો સાર્વત્રિક વિકાસ થાય તે માટેના પ્રયત્નો કરવા સૌએ કટિબદ્ધ બનવું પડશે. ભાજપની આ વિચારધારા છે જેના પરિણામે સમગ્ર દેશમાં એક સમયે કોંગ્રેસનું શાસન પ્રવર્તતુ હતું. પરંતુ ધીમી પણ મક્કમ ગતિએ ભાજપના અનેક સન્નિષ્ઠ કાર્યકરો અને અગ્રણીઓ દ્વારા પોતાના સમય, શક્તિ અને પરિવારનું બલિદાન આપીને પક્ષ માટે તેઓએ કરેલા કાર્યોના પરિણામે જ આજે ભાજપ સમગ્ર દેશમાં સુશાસન આપી રહ્યો છે. આ સુશાસનના ફળ સૌને મળે તે માટે કટિબદ્ધ થવા હાકલ કરી હતી.

## ત્રાસવાદી હુમલો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

નાગરિક સાથે સંકળાયેલા ઓળખપત્રો મળી આવ્યા છે. ફેડરલ પોલીસનું કહેવું છે કે આ બનાવ બન્યા બાદ ફ્રાંસમાં તમામ જગ્યાઓએ ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. દરોડાનો દોર શરૂ કરાયો છે. પ્રોમેનાદે દેસ એંગલેસ વિસ્તારમાં ચાલી રહેલા કાર્યક્રમમાં આ ટ્રક બે કિલોમીટર સુધી લોકોને કચડીને નીકળી હતી. હજારો લોકોમાં ભારે દહેશત અને અફડાતફડી મચી ગઈ હતી. અધિકારીઓનું કહેવું છે કે આ ટ્રકમાંથી મોટી માત્રામાં બંદૂકો અને વિસ્ફોટકો મળી આવ્યા છે જેમાં ગ્રેનેડનો સમાવે થાય છે. પોલાંદે ટેલિવિઝન સંબોધન પર કહ્યું છે કે આ હુમલો કોઈપણ શંકા વગર ત્રાસવાદી હતો. આમાં બાળકો પણ માર્યા ગયા છે. આ હુમલો બાસ્તીલ દિવસ પર કરવામાં આવ્યો છે. ફ્રાંસના લોકો પોતાના ધર્મનિરપેક્ષ ગણરાજ્ય અને સ્વતંત્રતા સમાનતા અને ભાઈચારાના મૂલ્યો માટે જશ્ન મનાવી રહ્યા હતા. આ હુમલાના એક દિવસ પહેલા પેરિસમાં લશ્કરી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં સુરક્ષા દળો, ટેન્કો, લડાયક યુદ્ધ વિમાનોની તાકાતનું પ્રદર્શન કરાયું હતું. મૃતદેહોની વચ્ચે એક ડોલ ચારેબાજુ પડેલી નજરે પડી રહી હતી. સફેદ ટ્રક મારફતે આ હુમલો કરાયો હતો. ફ્રાંસમાં છેલ્લા ૧૮ દિવસના ગાળામાં આ ત્રીજો હુમલો કરવામાં આવ્યો છે. આઠ મહિનાના ગાળામાં પેરિસ નાઈટ ક્લબમાં કરાયેલા હુમલાનો સમાવેશ થાય છે. જેમાં ૧૩૦ લોકોના મોત થયા હતા. ફ્રાંસમાં આ નવા હુમલા બાદ ઈમરજન્સીનો દાવો ત્રણ મહિના માટે વધારી દેવામાં આવ્યો છે. સાથે સાથે ઈરાક અને સિરીયાના જેહાદીઓ સામે કાર્યવાહી વધુ તીવ્ર બનાવવામાં આવશે.

## વિશ્વના દેશો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ કહ્યું છે કે આ ભીષણ ત્રાસવાદી હુમલો નજરે પડે છે. બીજી બાજુ આ હુમલો થયા બાદ ફ્રાંસના પ્રમુખ ઓલાંદે ખાતરી આપતા કહ્યું છે કે સિરિયા અને ઈરાકમાં જેહાદીઓ સામેની લડાઈને વધુ તીવ્ર બનાવવામાં આવશે. એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં અમેરિકામાં પ્રમુખપદના રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે હમેંશાની જેમ આક્રમક નિવેદન કર્યુ છે. તેમણે સાફ શબ્દોમાં કહ્યુ છે કે જો તેઓ અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાઇ આવશે તો ઈસ્લામિક સ્ટેટ સામે યુદ્ધ જાહેર કરવા માટે કોંગ્રેસને સુચના આપશે. તેમણે કહ્યુહતુ કે આ યુદ્ધ જેવી સ્થિતી છે. ફ્રાન્સમાં નાઈસ ખાતે કરવામાં આવેલા હુમલા બાદ ટ્રમ્પે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. ટ્રકમાંથી વિસ્ફોટકો અને ગ્રેનેડ પણ મળી આવ્યા છે. નેશનલ ડેની ઉજવણી કરવામાં આવી રહી હતી ત્યારે આ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલા પાછળ કોનો હાથ છે તે બાબત હજુ સુધી જાણી શકાઈ નથી. ઈસ્લામિક સ્ટેટ સામે જંગ છેડવાની જરૂર છે. ઈસ્લામિક સ્ટેટ એક કેન્સર સમાન છે. નાટોનો ઉપયોગ તેની સામે કરવાની જરૂર છે. બીજી બાજુ હિલેરી ક્લિન્ટને કહ્યુ છે કે અમેરિકાના લોકો ફ્રાન્સની સાથે મજબુતની સાથે કટોકટીમાં ઉભા છે. અમેરિકામાં ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર હિલેરીએ કહ્યુ છેકે અમેરિકા અને ફ્રાન્સ ક્યારેય ત્રાસવાદીઓને લોકશાહી મુલ્યોને ખતમ કરવાની તક આપશે નહી.તેમણે કહ્યુ હતુ કે કાયરતાપૂર્વકના હુમલાથી ગઠબંધન બનાવીને ત્રાસવાદીઓ સામે લડવાની તાકાતમાં વધારો થશે. ત્રાસવાદને કચડી નાંખવા માટે વિશ્વના દેશો સાથે આવી રહ્યા છે.

## જેલમાંથી મુક્ત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કરવામાં આવ્યું હતું. જેલમાંથી મુક્તિ બાદ તેનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. નિર્ધારિત સમય મુજબ જ તે સવારે ૧૧ વાગે લાજપોર જેલમાંથી બહાર આવ્યો હતો. રાજકોટમાં જ્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી ત્યારે હાર્દિક પટેલે જે વસ્ત્રો પહેરેલા હતા તેવા જ વસ્ત્રોમાં તે જેલની બહાર આવ્યો હતો. પાટીદારો ખુશીથી હાર્દિકને ઉંચકીને લઈ ગયા હતા. જેલ બહાર હાર્દિકે કહ્યુ હતુ કે આંદોલન જારી રાખવામાં આવશે. તેની કાર્યપદ્ધિતી બદલાશે પરંતુ તેના આક્રમક વલણમાં કોઈ ફેરફાર થશે નહી. હાર્દિકે સુરતમાં જેલમાંથી બહાર આવ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા વિવિધ મુદ્દા પર વાત કરી હતી અને કહ્યું હતું કે તે અનામત ઈચ્છે છે. ૫૬ ઈંચની છાતી ઈચ્છતો નથી. તે સમુદાય માટે કામ કરવાનું ચાલુ રાખશે. હાર્દિક પટેલ સુરતમાં રોડ શોનું આયોજન કરવા જઈ રહ્યો છે. જોકે કોઈપણ પ્રકારની પ્રવૃત્તિમાં શામેલ નહીં થવા માટે આયોજકોને સ્પષ્ટપણે સૂચના આપવામાં આવી છે. હાર્દિક પટેલને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો ત્યારે મોટી સંખ્યામાં તેના સમર્થકો પણ ઉપસ્થિત રહ્યા હતા. હાર્દિક પટેલે ખાતરી આપતા કહ્ય હતુ કે સમાજના હક્ક માટે લડાઈને જારી રાખવામાં આવશે. આના માટે ગુજરાતની સરકાર સાથે બેસીને વાતચીત પણ કરવામાં આવનાર છે. હાર્દિકે કહ્યુ હતુ કે ન્યાયતંત્રમાં પહેલાથી જ વિશ્વાસ હતો અને જે વિશ્વાસ રાખ્યો હતો તે સફળ રહ્યો છે. ન્યાયતંત્ર સર્વોપરિ છે.

## એક જ રાગ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેમણે જણાવ્યુ હતુ કે કેટલાક આવા કિસ્સાઓમાં તંત્ર તરફથી નોટીસ આપવામાં આવી છે અને કોંગ્રેસના સભ્યો પણ જો વિગતો આપશે તો તેની તપાસ કરાવી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

કોંગીના જીતુ રાયકાએ જણાવ્યુ હતુ કે સે. ૨, ૬ અને ૨૨માં આવા અનેક દાખલાઓ છે. તેમણે જણાવ્યું કે નાના મકાનમાં દુકાનનું શટર કરનારને દંડવામાં આવે છે. ઝુંપડુ બનાવી રહેતા ગરીબોના ઝુંપડા પર જેસીબી ફેરવવામાં આવે છે. શહેરને સ્માર્ટ સીટી અને સુંદર બનાવવુ છે તેમાં અમારો સહયોગ છે. પણ બિલ્ડરો માલેતુજારોની બનેલી સરકારની જેમ આ મહાનગરપાલિકા પણ તેમની બની જશે તેવો ભય અમને સતાવી રહ્યો છે. સૌ દબાણકારો સામે એકસરખા પગલાં લેવા જોઈએ તેવી માંગ તેમણે કરી હતી.

ભાજપના મનુભાઈ પટેલે પણ દબાણની વધતી જતી પ્રવૃત્તિને નાથવાનો સમય આવી ગયો છે તેમ જણાવી કહ્યું હતું કે ગેરકાયદે દબાણો જેના પણ હોય તે બધા દૂર થવા જ જોઈએ.

પૂર્વ ડે. મેયર કાર્તિક પટેલે પણ રાયકાની રજુઆતમાં સૂર પુરાવતાં જણાવ્યું હતું કે વિકાસ નકશા પ્રમાણે કામ થાય તે માટે અસરકારક મોનટરીંગ કરવામાં તંત્રની ઉણપ છે. આજે બી.યુ. પરમિશન આપતાં પહેલાં જ અસરકારક મોનટરીંગ કરી વિકાસની પ્રક્રિયા દરમ્યાન જ ગેરકાયદે ફેરફારો અટકાવવા જોઈએ તેવી તેમણે માંગ કરી હતી.

પૂર્વ ડે. મેયર પટેલે વિકાસ નકશા સિવાયના ઘણા બધા વિસ્તારોમાં ગેરકાયદે દબાણો થયા છે તે વાતને સ્વીકારી અને આ દૂર કરવાની પણ હિમાયત કરી હતી.

મેયર પ્રવિણ પટેલે સભ્યોની લાગણીને જોઈ સૌને એવી ખાતરી આપી હતી કે ગેરકાયદે દબાણ કરનારાઓ સામે તંત્ર દ્વારા આંખ મિચામણાં નહિ થાય. પગલાં લેવામાં આવશે જ. તંત્રને તેમણે કડક હાથે કામ લેવાની સૂચના પણ આપી હતી.

## નિર્ણય થયો નથી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાં એક જ મુદ્દાને લઈ સામાન્ય સભા બોલાવવા અંગે કોંગ્રેસે કરેલા વિરોધને લઈ આજે સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા હતા.

મેયર પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે સભ્યોને અપાતી વિકાસ કામો માટેની રકમ અંગેનો આખરી નિર્ણય હવે પછી મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં કરી દેવાશે તેવી હૈયાધારણ આપી હતી.

આજની આ બેઠકમાં કાયદા અધિકારીની જગ્યા વર્ગ-૨ની કરવા અંગેનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો.

આજની સામાન્યસભામાં કોંગ્રેસે ત્રણથી પણ વધુ મુદ્દાઓ ઉભા કર્યા હતા. મેયર પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે મનપાનું મન ખુલ્લુ છે. વિકાસના કામો માટેનો કોઈપણ પ્રસ્તાવ તમે કાનૂની જોગવાઈઓને આધીન રહીને સમયમર્યાદામાં રજુ કરશો તો તે સ્વીકારવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે પિન્કીબેન પટેલ તરફથી એક દરખાસ્ત મળી હતી પરંતુ તે સમય મર્યાદામાં ન હોવાથી દાખલ કરવા પાત્ર ન હોવાથી તે ખારિજ કરવામાં આવી છે.